**તાપમાન**
મહત્તમ : ૩૮.૦ ડીગ્રી
લઘુતમ : ૨૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૨ ટકા ● સાંજે ૨૭ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૨૩ | ૪ એપ્રિલ, ૨૦૧૬, સોમવાર ; ફાગણ વદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## ફટાફટ ન્યુઝ

- મહેબુબાની મુખ્યમંત્રી તરીકે આજે તાજપોશી
- રાહુલ રાજ હોસ્પિટલમાં દાખલ : અટકળોનો દોર
- છત્તીસગઢ : મંદિર ખાતે ભાજપ નેતા પર હુમલો
- વ્યાજદરમાં ૨૦૧૬માં ૧૦૦ બેઝિક પોઇન્ટનો ઘટાડો રહેશે
- રાષ્ટ્ર ગીતો પ્રશ્ને રાજનીતિ કમનસીબ બાબત : ભાજપ
- એસસી-એસટીને લોન માટે સ્ટેન્ડઅપ ઇન્ડિયા સ્કીમ હશે
- ભારત માતા કી જય સૂચન મુદ્દે ફડણવીસની ઝાટકણી
- ગતિમાન એક્સપ્રેસ ટ્રેન મંગળવારે શરૂ થઇ જશે
- મેગી બાદ પતાંજલિ આટા નૂડલ્સ પર સંકટ
- રાહુલ દ્રવિડને કોચ બનાવવા બીસીસીઆઈ સજ્જ બની છે
- ટી-૨૦ કેપ્ટન તરીકે આખરે આફ્રીદીએ રાજીનામુ આપ્યું

# વેસ્ટઈન્ડિઝ ટી-ટ્વેન્ટી વિશ્વકપ વિજેતા

**ઇંગ્લેન્ડે જીતવા માટે ૧૫૬ રનનો પડકાર ફેંક્યો જીતવા માટેના ૧૫૬ના ટાર્ગેટ સામે વિન્ડિઝે ૧૧ રનમાં ત્રણ વિકેટ ગુમાવી દીધી રુટે જોરદાર તરખાટ મચાવ્યો : સેમ્યુલના ૬૬ બોલમાં ૮૫ અને બ્રેથવેટના ૧૦ બોલમાં ૩૪ રને વેસ્ટઈન્ડીઝને વિજય અપાવ્યો**

કોલકાતા,તા. ૩

ટી-૨૦ વિશ્વકપમાં બીજીવાર વિજેતા બની વેસ્ટ ઈન્ડિઝે ક્રિકેટ જગતમાં પોતાની સર્વોપરિતા સાબિત કરી દીધી છે.

કોલકાતાના ઐતિહાસિક ઇડન ગાર્ડન ખાતે આઈસીસી ટ્વેન્ટી-૨૦ વર્લ્ડકપની ફાઇનલ મેચમાં પ્રથમ બેટિંગ કરતા ઈંગ્લેન્ડે નિર્ધારિત ૨૦ ઓવરમાં નવ વિકેટે ૧૫૫ રન બનાવ્યા હતા.

જેની સામે વેસ્ટઈન્ડિઝે ૧૯.૪ ઓવરમાં પોતાનો વિજય મેળવી આ ઈતિહાસ રચ્યો છે. છેલ્લી ઓવરમાં ચાર સિક્સર બ્રેથવેટે ફટકારી ઐતિહાસિક વિજય પોતાની ટીમને અપાવ્યો હતો.

છેલ્લી ઓવર સુધી રમત ઉપર કબજો જમાવનાર ઈંગ્લેન્ડના હાથમાંથી છેલ્લી ઓવરના પહેલા ચાર બોલ્માં જ આખી મેચનું પાસુ માર્વેલ સેમ્યુલ અને બ્રેથવેટે શાનદાર બેટીંગ કરી પલ્ટાવી દીધું હતું.

ઈંગ્લેન્ડના હાથમાં આવેલી બાઝી બ્રેથવેટની ચાર સિક્સરોએ છીનવી લીધી હતી. માર્વેલ સેમ્યુલે ૬૬ બોલમાં ૮૫ રનની શાનદાન ઈનીંગ્સ રમી અને કોલકત્તાવાસીઓના દિલ જીતી લીધા હતા. વિજય થતાં જ વેસ્ટઈન્ડીઝની ટીમના તમામ ખેલાડીઓ મેદાન પર દોડી આવ્યા હતા અને બ્રેથવેટને ઉંચકી લીધો હતો. તેમજ ગંગડાન્સ કરી દર્શકોને ખુશ કર્યા હતા. આ જીતની ખુશીમાં વેસ્ટઈન્ડીઝની મહિલા ક્રિકેટ ટીમ પણ ગ્રાઉન્ડ પર આવી ગઈ હતી અને ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા.

વેસ્ટઈન્ડીઝે બીજીવાર ટી-ટ્વેન્ટીનો વર્લ્ડ કપ જીત્યો છે જ્યારે અન્ય ટીમો માત્ર એક જ વખત આ કપ જીતી શકી છે.

# એનઆઈએ ઓફિસર તંજીલની ઘાતકી હત્યા

**૨૫થી વધુ ગોળીઓ વાગી : વહેલી પરોઢે ઉત્તર પ્રદેશના બિજનોરમાં હત્યાથી ખળભળાટ બાઈક ઉપર આવેલા બે હુમલાખોરોએ અંધાધૂંધ ગોળીબાર કર્યો : ઓફિસર પત્ની સાથે લગ્ન કાર્યક્રમમાં હાજરી આપી પરત ફરી રહ્યા હતા ત્યારે હુમલો**

બિજનોર,તા. ૩





નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સીના ઓફિસર પર ઉત્તર પ્રદેશના બિજનોર જિલ્લામાં સહસપુર નજીક આજે વહેલી પરોઢે અમાનવીયરીતે જોરદાર હુમલો કરવામાં આવ્યો હતો. તેમના ઉપર ૨૦થી ૨૫ ગોળીઓ ચલાવવામાં આવી હોવાની વિગતો સપાટી ઉપર આવી છે. તેમના શરીર ઉપર ગોળીઓના ૨૬ નિશાન મળી આવ્યા છે. હુમલાખોરો દ્વારા આજે સવારે આ હુમલાને અંજામ આપવામાં આવ્યો હતો. રાષ્ટ્રીય તપાસ સંસ્થા (એનઆઈએ)ના અધિકારી મોહમ્મદ તંજીલ પર બાઈક ઉપર આવેલા બે હુમલાખોરોએ અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે. આ હુમલામાં એનઆઈએના અધિકારીને ૨૫થી ૨૬ ગોળીઓ વાગી હતી. તેમના પત્નિને પણ ત્રણ ગોળીઓ વાગી હોવાના અહેવાલ મળ્યા છે. કાર ચલાવી રહેલા એનઆઈએના અધિકારી સાથે આગળ બેઠેલા તેમના પત્નિ આ હુમલામાં ગંભીરરીતે ઘાયલ થયા હતા. એનઆઈએ દ્વારા તપાસમાં જણાવવામાં આવ્યું છે કે, યોજનાપૂર્વક આ હુમલો કરાયો હતો. ઉત્તર પ્રદેશ પોલીસના મહાનિર્દેશક (કાયદો અને વ્યવસ્થા) ભગવાન સ્વરુપે કહ્યું છે કે, બાઈક ઉપર આવેલા બે લોકોએ તંજીલ અહેમદ ઉપર એ વખતે અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો જ્યારે તેઓ પોતાના પત્નિ ફરજાનીની સાથે એક લગ્ન કાર્યક્રમમાં હાજરી આપ્યા બાદ પરત ફરી રહ્યા હતા. આ ઘટના આજે વહેલી પરોઢે ૧૨.૪૫ વાગે બની હતી. તંજીલ સહસપુર પરત ફરી રહ્યા હતા ત્યૌરે બનાવ બન્યો હતો. તેઓ બીએસએફમાં સહાયક કમાન્ડેન્ટ હતા અને હાલમાં એનઆઈએમાં ફરજ ઉપર હતા.

# આસામ અને પશ્ચિમ બંગાળમાં આજે પ્રથમ તબક્કામાં મતદાન

**આસામમાં ગોગોઈ અને સોનોવાલની પ્રતિષ્ઠા દાવ પર**

નવીદિલ્હી,તા. ૩

આસામ અને પશ્ચિમ બંગાળમાં આવતીકાલે પ્રથમ તબક્કામાં સઘન સુરક્ષા વ્યવસ્થા વચ્ચે મતદાન યોજનાર છે. જેની તમામ તૈયારી કરી લેવામા આવી છે. આસામમાં પ્રથમ તબક્કામાં આશરે ૯૪ લાખ મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરવા માટે ઉત્સુક છે. આસામમાં મુખ્યપ્રધાન તરૂણ ગોગોઇ અને ભાજપના મુખ્યપ્રધાન પદના ઉમેદવાર સર્બાનંદ સોનોવાલ સહિત ૫૩૯ ઉમેદવાર મેદાનમાં છે. જ્યારે બંગાળમાં પશ્ચિમી મિદનાપુર, પુરુલિયા અને બંનકુરા જિલ્લાઓને આવરી લેતી વિધાનસભાની ૧૮ બેઠકો માટે આવતીકાલે મતદાન યોજનાર છે. અહીં ૩૮ લાખ મતદારો રહેલા છે. સાથે સાથે ૫૦૦૦ મતદાન મથકો સ્થાપિતકરવામાં આવ્યા છે. આસામમાં ૬૫ અને પશ્ચિમ બંગાળમાં ૧૮ બેઠક માટે ચૂંટણી પ્રચારનો ગઈકાલે અંત આવી ગયા બાદ ઉમેદવારો વ્યક્તિગતરીતે સક્રિય



● અનુસંધાન પાન-૭ પર



(તસવીર : કશ્યપ નિમાવત)

આંબે કેરી - ફાગણના વિદાયના પગલે કેરીની આતુરતા સ્વાદ રસિકોમાં વધતી જાય છે... આજકાલ આંબા પર કાચી કેરી વ્યાપક પ્રમાણમાં જોવા મળે છે... ગાંધીનગરના કેટલાય આંબાઓ પર કેરી દેખાય છે... ખાટી-મીઠી કેરી જોતા જ મોંમા પાણી આવી જાય છે... આગામી દિવસોમાં કાચી અને પાકી કેરીઓ રોજે રોજ ઢગલાબંધ ઠલવાશે...

# રાત્રે આઠ વાગ્યા બાદ એટીએમમાં રોકડ નહિ ભરાય

**સરકાર દ્વારા ટૂંકમાં જ નવી માર્ગદર્શિકા જારી કરવામાં આવશે : રોકડ રકમ લઈ જતી ગાડીને લુંટી લેવાના બનાવ, હુમલા અને અન્ય ખતરનાક પરિબળોનો નોંધ લઈને તૈયારી : વેનમાં પાંચ કરોડથી વધુ રકમ નહીં રખાય**

નવીદિલ્હી,તા. ૩

સરકાર હાલમાં જ એક એવી દરખાસ્ત ઉપર વિચારણા કરી રહી છે જેના ભાગરુપે શહેરી વિસ્તારોમાં રાત્રે આઠ વાગ્યા બાદ અને ગ્રામીણ વિસ્તારોમાં સાંજે પાંચ વાગ્યા બાદ તથા નક્સલીવિસ્તારોમાં ત્રણ વાગ્યા બાદ એટીએમને ફરીથી ભરવામાં આવશે નહીં. આનો મતલબ એ થયો કે, રાત્રિ ગાળા દરમિયાન જો એટીએમ ખાલી થઈ જાય અને કોઇ વ્યક્તિને કામ પડે તો તે પૈસા ઉપાડી શકશે નહીં. નવી દરખાસ્ત મુજબ શહેરોમાં રાત્રે આઠ વાગ્યા બાદ એટીએમને રોકડ રકમથી ભરીને રાખવામાં આવશે નહીં. આનો મતલબ એ થયો કે, ખાનગી રોકડ પરિવહન સંસ્થાઓને એટીએમમાં પૈસા ભરવા માટે દિવસની શરૂઆત થતાંની સાથે

બેંકો પાસેથી રોકડ ફરી મેળવવી પડશે. આ ઉપરાંત મોડી સાંજે એટીએમમાં પૈસા ન રહે તેવી જોગવાઈ કરવામાં આવશે. સુરક્ષાના હેતુસર આ હિલચાલ ઉપર વાત ચાલી રહી છે. દરેક ગાડી ઉપર બે સશસ્ત્ર ગાર્ડ અને ડ્રાઈવરને કોઈપણ પરિસ્થિતને પહોંચી વળવા માટે ટ્રેનિંગ આપવામાં આવશે. આ ઉપરાંત સીસીટીવી અને જીપીએસ સાથે સજ્જ રોકડ વાહનો તૈયાર કરવામાં આવશે. રોકડ લઈ જતી ગાડીઓ ઉપર કેટલીક વખત હુમલા થવાના બનાવો બની ચુક્યા છે.

આ ઉપરાંત બે ગેરેન્ટર્સ પણ રાખવા પડશે જે પૈકી એક સરકારી કર્મચારી રહેશે. ઈન્ડસ્ટ્રીમાં રોકડ રકમની સુરક્ષાની ખાતરી કરવા માટે નવી દરખાસ્ત પર હિલચાલ ચાલી રહી છે.

બેંકો, કરન્સી ચેસ્ટ અને એટીએસ વચ્ચે દરરોજ ૧૫ હજાર કરોડ રૂપિયાના પરિવહનમાં આશરે ૮૦૦૦ ખાનગી કંપનીઓના રોકડ લઈ જતાં વાહનો જોડાયેલા છે.બેંકો તરફથી આ જોડાણની ગતિવિધિ વર્ષોથી ચાલી રહી છે. તાજેતરના વર્ષોમાં રોકડ વેનને લૂંટી લેવા અથવા તો હાઈજેક કરી લેવા અથવા તો હુમલા કરવાના બનાવોમાં વધારો થયો છે. રોકડ રકમ લઈ જતાં વાહનો પર હુમલા કરવાની બાબતને સોફ્ટ ટાર્ગેટ તરીકે ગણળામાં આવે છે. સરકારે એવું સૂચન કર્યું છે કે, એટીએમમાં નાણા ભરવા માટે કેશ

● અનુસંધાન પાન-૭ પર

# હાર્દિકની અરજી પર આજે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી

અમદાવાદ, તા.૩

ગુજરાતમાં પાટીદાર સમુદાય માટે અનામતની માંગણી ઉઠાવીને ભારે વિવાદ અને ચર્ચા જગાવનાર હાર્દિક પટેલ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી ઉપર આવતીકાલે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવે તેમ માનવામાં આવે છે.પોતાની સામેનો કેસ રદ કરવાની માંગણી કરીને અરજી દાખલ કરવામાં આવી છે. સુપ્રીમ કોર્ટની વેબસાઈટ પર હાર્દિક પટેલને લગતા કેસના સ્ટેટસમાં ૪ એપ્રિલે સુનાવણી હાથ ધરાય તેવી શક્યતા વ્યક્ત કરાઈ છે. હાર્દિક સામે અનામત આંદોલન વખતે ઉશ્કેરણીજનક નિવેદનો કરવા બદલ સુરત તથા અમદાવાદ એમ બે સ્થળે રાજદ્રોહના કેસ થયા છે. પ્રથમ અમદાવાદ તથા પછી સુરત સેશન્સ કોર્ટે હાર્દિક પટેલની જામીન

● અનુસંધાન પાન-૭ પર











